નં.જી.પં./૧૦૦% રા.ક.ગ્રા./સને ૨૫-૨૬/ ૫૦
આં.વા.કે./બાંધકામ વહીવટી મંજુરી /વશી- ૭૫૫ /૨૦૨૬
આઈ.સી.ડી.એસ. શાખા, જિલ્લા પંચાયત કચેરી, સુરત
તા. ૧૦/૦૬/૨૦૨૬

વંચાણમાં લીધુ :

૧) માન. નાયબ સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગરના નાણાંકીય મંજુરી ઠરાવ ક્રમાંક: WCDD/IMR/e-file/૨૩/૨૦૨૨/૦૫૭૧/B (ICDS), તા.૦૯/૦૩/૨૦૨૫ અને સમાનાંકી સુધારા ઠરાવ, તા.૧૩/૦૩/૨૦૨૫

૨) હિસાબી અધિકારીશ્રી (વર્ગ-૨), આઈ.સી.ડી.એસ., મબાવિ, ગાંધીનગરના ગ્રાંટ ફાળવણી આદેશ ક્રમાંક:બજેટ/ ૪૨૩૫/કેપિટલ-સ્ટેટ/આંગણવાડી કેન્દ્રોના બાંધકામ/બીજો હપ્તો/જુલાઈ-સપ્ટેમ્બર/ ૧૦૬૩૫ થી ૧૦૭૩૨/૨૦૨૫-૨૬, તા.૧૮/૦૩/૨૦૨૬

૩) અત્રેની કચેરીના પત્ર જા.નં.જિ.પં/ICDS/આં.વા.બાંધકામ/વશી-૩૩૨-૨૦૨૬, તા.૨૩/૦૩/૨૦૨૬

૪) માન. કમિશ્નર, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગરનાના Letter No: ICDS/0705/03/2026, Approved Date: 25-03-2026

૫) માન.જીલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરતની નોંધ પર મળેલ મંજુરી, તા.૨૨/૦૪/૨૦૨૬

૬) અત્રેની કચેરીના પત્ર જા.નં.જિ.પં/ICDS/આં.વા.બાંધકામ/વશી-૫૮૧-૨૦૨૬, તા.૦૬/૦૫/૨૦૨૬

૭) કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન (પં.), સુરતના પત્ર જા.નં./પીબી/ન.અં./આંગણવાડી/વશી-૧૮૪૨/૨૦૨૬, તા.૦૫/૦૬/૨૦૨૬

૮) માન. જીલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરતની નોંધ પર મળેલ મંજુરી, તા.૧૦/૦૬/૨૦૨૬

**હુકમ :**

આમુખ-૧ થી રાજયની આંગણવાડીઓનું Child Friendly Concept થી બાંધકામ થાય તે હેતુથી કમ્પાઉન્ડ વોલ સાથે રૂ.૧૮ લાખ પ્રતિ આંગણવાડી કેન્દ્ર અને કમ્પાઉન્ડ વોલ વિના રૂ.૧૬ લાખ પ્રતિ આંગણવાડી કેન્દ્ર મુજબ નવીન યુનિટ કોસ્ટને મંજુરી આપવામાં આવેલ છે. આમુખ-૨ થી અત્રેના જિલ્લાને કુલ ૫૦ આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે પ્રતિ આંગણવાડી રૂ.૧૬.૦૦ લાખ લેખે કુલ ૮.૦૦ કરોડ, અંકે રૂપિયા આઠ કરોડ પુરાની ગ્રાંટ ફાળવણી થયેલ છે. આમુખ-૩ થી સંકલિત બાળ વિકાસ યોજના અધિકારીશ્રીઓની કચેરીએથી નવીન બાંધકામ કરવા પાત્ર આંગણવાડી કેન્દ્રોની, તમામ સાધનિક કાગળો સાથેની દરખાસ્ત મંગાવવામાં આવતાં, દરખાસ્ત મળેલ છે.

આમુખ-૪ થી વડી કચેરી મારફત ચાઈલ્ડ ફ્રેન્ડલી આંગણવાડી કેન્દ્રોના ઝડપી તથા યોગ્ય ગુણવત્તા યુક્ત નિર્માણના હેતુસર, વર્ષ ૨૦૨૬-૨૭ થી આગામી સમયમાં જીલ્લા કક્ષાએ પરંપરાગત પદ્ધતિથી થનાર આંગણવાડી કેન્દ્રોના નવીન બાંધકામના સુચારુ આયોજન અર્થે જીલ્લા/મનપા કક્ષાએ પાલન કરવા માટે જરૂરી સુચનો પ્રસારિત કરવામાં આવેલ છે, જેની જાણ પત્ર મારફત કાર્યપાલક ઇજનેરશ્રીને કરવામાં આવેલ છે.

આમુખ-૫ થી થી માન. જીલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત મારફત નોંધ પર મળેલ મંજુરી અન્વયે ફાળવવામાં આવેલ ગ્રાંટ મુજબ, નવીન બાંધકામની જરૂરિયાત, નોંધાયેલ બાળકોની સંખ્યા તેમજ જમીન ઉપલબ્ધતા મુજબ પ્રાથમિકતાના ધોરણે કુલ ૫૦ કેન્દ્રોના નવીન બાંધકામનું આયોજન પ્રતિ આંગણવાડી રૂ.૧૬.૦૦ લાખ લેખે કરવાનું થાય છે. સબબ સંકલિત બાળ વિકાસ યોજના અધિકારીશ્રીઓની કચેરીએથી અત્રેની કચેરીને મળેલ દરખાસ્ત પૈકી કુલ ૫૦ આંગણવાડી કેન્દ્રોનું આયોજન કરી, આમુખ-૬ થી નકશા-અંદાજ સહ તાંત્રિક મંજુરી મોકલવા કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન (પંચાયત), સુરતને પત્ર પાઠવવામાં આવતાં, આમુખ-૭ થી અત્રેની કચેરીને નકશા-અંદાજ સહ તાંત્રિક મંજુરી મળેલ છે.

આમુખ-૮ થી તાંત્રિક મંજુરી મળેલ ૫૦ કેન્દ્રોને વહીવટી મંજુરી આપવા માટે માન. જીલ્લા વિકાસ અધિકારીશ્રીની નોંધ પર મંજુરી મળેલ છે.

સબબ રૂ.૧૬.૦૦ પતિ આંગણવાડી કેન્દ્ર લેખે ૫૦ આંગણવાડી કેન્દ્રોને આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે, તેમજ બાંધકામ ચાલુ કરવા અર્થે આગળની ઘટિત કાર્યવાહી સત્વરે ચાલુ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

પ્રોગ્રામ ઓફિસર
આઇસીડીએસ શાખા જિલ્લા પંચાયત સુરત

પ્રતિ,
કાર્યપાલક ઇજનેરશ્રી (પંચાયત),
માર્ગ અને મકાન, જીલ્લા પંચાયત ભવન,
સુરત

**નકલ સવિનય રવાના જાણ સારું :**

૧) માન. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર
૨) માન. જીલ્લા વિકાસ અધિકારીશ્રી, જીલ્લા પંચાયત ભવન, સુરત
૩) માન. નાયબ નિયામકશ્રી (બાંધકામ), મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર

**નકલ જય ભારત સહ રવાના:-**

૧) હિસાબી અધિકારીશ્રી જિલ્લા પંચાયત સુરત તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારું

**નકલ રવાના:**

૧) બાળ વિકાસ યોજના અધિકારીશ્રી, ઘટક......................., જિ. સુરત, સંકલન તથા જરૂરી સહકાર સારું